કોલકતા સામેની હારથી હું નિરાશ નથી. અમારી હૈદરાબાદની ટીમે ત્રણ દિવસ પહેલાં ચેન્નઈને હરાવ્યું હતું એટલે અમે પ્લે-ઑફ માટે ઘણા આશાવાદી છીએ.

- ટૉમ મૂડી

ન્યૂ ઝીલૅન્ડના કૅપ્ટન તરીકે મૅક્લમે એક નવું સ્તર રચ્યું છે. કૅપ્ટન્સીમાં આક્રમક બનવાની તેની નકલ બીજા ઘણા કરવા લાગ્યા છે.

- ટિમ સાઉધી

બુધવાર, તા. ૬-૫-૨૦૧૫
સ્પોર્ટ્સ ન્યૂઝ
ગુજરાત આવૃત્તિ ▸ મુંબઈ સમાચાર

બૅંગલોર-પંજાબ વચ્ચે આ વખતે પહેલી વાર ટક્કર

▶ વિરાટની ફોજ આજે ટૉપ-ફોરમાં સ્થાન મજબૂત કરવાના મૂડમાંઃ વૉટ્સનની ટીમ સતત ચાર મૅચની 'હાર'માળા તોડવા મક્કમ

બેંગલુરુઃ ગઈ કાલ સુધી પૉઇન્ટ્સ-ટેબલમાં ચોથા સ્થાને ટકી રહેલી રૉયલ ચૅલેન્જર્સ બૅંગલોરની ટીમ આજે કિંગ્સ ઇલેવન પંજાબ સામે જીતીને ટૉપ-ફોરમાં પોતાનું સ્થાન વધુ મજબૂત કરવા દૃઢ છે. બીજી તરફ, છેલ્લી ચારેય મૅચ હારેલા અને પૉઇન્ટ્સ-ટેબલમાં સાવ તળિયે રહેલા પંજાબને હવે કેમેય કરીને પરાજયની જંજાળમાંથી બહાર આવવું છે. જોકે, ૧૯ મેએ શરૂ થનારા પ્લે-ઑફ રાઉન્ડમાં પહોંચવાની એની આશા લગભગ મરી પરવારી છે.

બૅંગલોર-પંજાબ વચ્ચે આ વખતે આ પ્રથમ મુકાબલો છે. તેમની વચ્ચે બીજી ટક્કર ૧૩ મેએ મોહાલીમાં થશે.

વિરાટ કોહલીની બૅંગલોરની ટીમ છેલ્લી મૅચમાં (સોમવારે) ચેન્નઈ સુપર કિંગ્સ સામે ૨૪ રનથી હારી ગઈ હતી. તેની ટીમ ૧૩૪ રનનો નાનો ટાર્ગેટ નહોતી મેળવી શકી અને ૧૨૪મા રને ઑલઆઉટ થઈ ગઈ હતી. જોકે, હોમ ગ્રાઉન્ડ એમ. ચિન્નાસ્વામી સ્ટેડિયમમાં સતત ત્રણ મૅચ હાર્યા પછી બીજી મેએ કોલકતા સામે ૧૦-૧૦ ઓવરની મૅચમાં જીતીને વિરાટની ટીમ આ ગ્રાઉન્ડની જ વાત કરીએ તો પાછી જોશમાં આવી તો ગઈ જ છે.

પંજાબ વિશે જાણીએ તો રવિવારે મોહાલીમાં મુંબઈ ઇન્ડિયન્સ સામે ૨૩ રનથી પરાજય થયો હતો.

આગલી આઇપીએલ સ્પર્ધાઓમાં બૅંગલોર-પંજાબ વચ્ચે કુલ ૯ મૅચ રમાઈ હતી જેમાંથી બૅંગલોરે ચારમાં જીત મેળવી હતી અને ચારમાં પરાજય જોયો હતો. ■

▶▶ **બે હારેલી ટીમમાંથી આજે વિજેતા કોણ?** *બૅંગ્લોરની ટીમ (ઉપર) સોમવારે ચેન્નઈ સામે હારી ગઈ હતી, જ્યારે પંજાબના પ્લેયરો રવિવારે મુંબઈ સામે પરાજિત થયા હતા.*

આગામી મૅચો

આજેઃ રૉયલ ચૅલેન્જર્સ બૅંગલોર-કિંગ્સ ઇલેવન પંજાબ, બૅંગલુરુ, રાત્રે ૮.૦૦

આવતી કાલેઃ (૧) રાજસ્થાન રૉયલ્સ-સનરાઇઝર્સ હૈદરાબાદ, મુંબઈ (બ્રેબૉર્ન), સાંજે ૪.૦૦ (૨) કોલકતા નાઇટ રાઇડર્સ-દિલ્હી ડેરડેવિલ્સ, કોલકતા, રાત્રે ૮.૦૦

ટ્રૉટે છેવટે આંતરરાષ્ટ્રીય ક્રિકેટમાં રમવાનું છોડી જ દીધું

▶ સ્ટ્રેસથી ખરડાયેલી કરિયરનો અકાળે અંતઃ જોકે, કાઉન્ટીમાં રમતો રહેશેઃ રિટાયરમેન્ટનો નિર્ણય બર્થ-ડેની આસપાસના દિવસે જ લઈ લીધેલો

લંડનઃ સ્ટ્રેસની બીમારીનો શિકાર થઈ ચૂકેલા ઇંગ્લૅન્ડના ભરોસાપાત્ર ઓપનિંગ બૅટ્સમૅન જોનથન ટ્રૉટે છેવટે આંતરરાષ્ટ્રીય ક્રિકેટ રમવાનું છોડી દીધું છે. તે આ બીમારીમાંથી બહાર આવ્યા બાદ વેસ્ટ ઇન્ડિઝ સામેની ટેસ્ટ-સિરીઝથી ફરી રમવા આવ્યો હતો, પરંતુ શ્રેણીની છ ઇનિંગ્સમાં કુલ માત્ર ૭૨ રન બનાવી શક્યો હતો જેમાંથી પાંચ ઇનિંગ્સમાં તેના રન સિંગલ ડિજિટમાં હતા. તે ઇન્ટરનેશનલ ક્રિકેટ નહીં રમે, પરંતુ કાઉન્ટી-ક્રિકેટમાં વૉરવિકશર વતી રમવાનું ચાલુ રાખશે.

ટ્રૉટે બાવીસમી એપ્રિલે ૩૪ વર્ષ પૂરાં કર્યાં હતા. એ અરસામાં કૅરેબિયનો સામેની બીજી ટેસ્ટ ચાલી રહી હતી અને એવું મનાય છે કે ટ્રૉટે એ મૅચ દરમિયાન જ નિવૃત્તિનો નિર્ણય લઈ લીધો હતો.

તેણે ગઈ કાલે સત્તાવાર જાહેર કરતી વખતે ઇમોશનલ નિવેદનમાં જણાવ્યું હતું કે 'મેં ખૂબ વિચાર કર્યા પછી અને માનસિક રીતે ઘણી યાતનાનો સામનો કર્યા પછી નિવૃત્તિનો નિર્ણય લીધો છે. હું ઇંગ્લૅન્ડ વતી પૂરી ક્ષમતાથી નહીં રમી શકું એવું વિચારીને મેં રમવાનું છોડી દેવાનું છેવટે નક્કી કરી જ લીધું. મને ૨૩ મહિને ફરી ઇંગ્લિશ ટીમ વતી રમવાનો મોકો આપવામાં આવ્યો એ બદલ હું ઇંગ્લિશ ક્રિકેટ બોર્ડનો અને મારા માટે આ તક ઊભી કરવામાં કોઈને કોઈ રીતે ભૂમિકા ભજવનારાઓનો હું ખૂબ આભારી છું. આ સાથે હું મારા સાથી પ્લેયરોને આવનારી સિરીઝો માટે શુભેચ્છા પણ આપું છું.' ■

▶▶ **ટેસ્ટ-કારકિર્દીમાં એકેય સિક્સર નહીંઃ** *જોનથન ટ્રૉટે બાવન ટેસ્ટના કુલ ૯૩ દાવમાં ૪૫૧ ફોર ફટકારી હતી, પરંતુ તે એકેય સિક્સર નહોતો મારી શક્યો.*

ટ્રૉટની સંઘર્ષપૂર્ણ કરિયર પર એક નજર

પૂરું નામઃ જોનથન લિયોનાર્ડ ટ્રૉટ
ઉંમરઃ ૩૪ વર્ષ
હુલામણા નામઃ બૂગર, ટ્રૉટર્સ
ટેસ્ટ કારકિર્દીઃ મૅચ-બાવન, બૉલ રમ્યો-૮૧૨૮, રન-૩૮૩૫, હાઇએસ્ટ-૨૨૬, સેન્ચુરી-૯, હાફ સેન્ચુરી-૧૯, બૅટિંગ ઍવરેજ-૪૪.૦૮, ફોર-૪૫૧, સિક્સર-૦, કૅચ-૨૯, પ્રથમ ટેસ્ટ-ઑગસ્ટ ૨૦૦૯ (ઑસ્ટ્રેલિયા સામે), છેલ્લી ટેસ્ટ-મે ૨૦૧૫ (વેસ્ટ ઇન્ડિઝ સામે), ભારત સામે પર્ફોર્મન્સ-૬ ટેસ્ટમાં ૩૫.૬૩ની સરેરાશે અને એક સદી સાથે ૩૯૨ રન, સૌથી વધુ રન કોની સામે?-ઑસ્ટ્રેલિયા સામે ૧૨ ટેસ્ટમાં ૯૧૭ રન.
વન-ડે કારકિર્દીઃ મૅચ-૬૮, બૉલ રમ્યો-૩૬૫૮, રન, ૨૮૧૯, હાઇએસ્ટ-૧૩૭, સેન્ચુરી-૪, હાફ સેન્ચુરી-બાવીસ, બૅટિંગ ઍવરેજ-૫૧.૨૫, ફોર-૨૧૬, સિક્સર-૩, કૅચ-૧૪, પ્રથમ વન ડે-ઑગસ્ટ ૨૦૦૯ (આયર્લૅન્ડ સામે), છેલ્લી વન ડે-સપ્ટેમ્બર ૨૦૧૩ (ઑસ્ટ્રેલિયા સામે), ભારત સામે પર્ફોર્મન્સ-૧૧ મૅચમાં ૩૯.૦૦ની સરેરાશે ૩૪૯ રન, સૌથી વધુ રન કોની સામે?-ઑસ્ટ્રેલિયા સામે ૧૫ મૅચમાં ૫૯૧ રન.
(નોંધઃ ટ્રૉટે ૭ ટી-ટ્વેન્ટી મૅચમાં ૧૩૮ રન બનાવ્યા હતા) ■

આજથી છેલ્લો મુકાબલોઃ બંગલાદેશ પહેલી વાર પાકિસ્તાનને ટેસ્ટમાં હરાવવા મક્કમ

ઢાકાઃ જૂનમાં ભારતીય ટીમ એક ટેસ્ટ અને ત્રણ વન-ડે રમવા બંગલાદેશના પ્રવાસે જાય એ પહેલાં બંગલાદેશની ટીમ વિનિંગ મૂડમાં રહેવા માગે છે અને એ માટે તે આજે પાકિસ્તાન સામે શરૂ થનારી બીજી અને નિર્ણાયક ટેસ્ટ જીતી લેવા દૃઢ છે. ગયા મહિને પાકિસ્તાનને ત્રણેય વન-ડેમાં અને એકમાત્ર ટી-ટ્વેન્ટીમાં હરાવનાર બંગલાદેશની ટીમ પહેલી વાર પાકિસ્તાન સામે ટેસ્ટ જીતવાના મૂડમાં છે. શનિવારે શ્રેણીની પ્રથમ ટેસ્ટ ડ્રૉમાં પરિણમી હતી. બંગલાદેશીઓ અગાઉ પાકિસ્તાન સામે આઠ ટેસ્ટ હાર્યા પછી પહેલી વાર મૅચ ડ્રૉ કરાવવામાં સફળ થયા હતા. એમાં ઓપનર તમીમ ઇકબાલે બંગલાદેશના ઇતિહાસમાં ૨૦૬ રનનો સૌથી મોટો વ્યક્તિગત સ્કોર નોંધાવ્યો હતો. તેણે અને સાથી ઓપનર ઇમરુલ કેઇસે ઘણા વિક્રમો રચ્યા હતા.

બંગલાદેશ સામે જીતીને રહીસહી આબરૂ બચાવવાનો પાકિસ્તાનને આજે શરૂ થનારી ટેસ્ટમાં છેલ્લો મોકો છે. ■

▶▶ **ડ્રૉ ટેસ્ટના બે સુપરહીરોઃ** *ગયા અઠવાડિયે પ્રથમ ટેસ્ટમાં ઓપનરો તમીમ અને કેઇસને અભિનંદન આપી રહેલા પાકિસ્તાનના ખેલાડીઓ.*

ઉમેશની પ્રથમ ઓવરની બે વિકેટના આઘાતમાં ડૂબેલું હૈદરાબાદ છેવટે હારી ગયું

કોલકતાઃ કોલકતા નાઇટ રાઇડર્સે સોમવારે સનરાઇઝર્સ હૈદરાબાદને ઈડન ગાર્ડન્સમાં સતત ત્રીજી વખત પરાજય ચખાડ્યો હતો. હૈદરાબાદને જીતવા ૧૬૮ રનનો ટાર્ગેટ મળ્યો હતો અને આખી ટીમ ૨૦ ઓવરમાં ૯ વિકેટે માંડ ૧૩૨ રન બનાવી શકી હતી અને ૩૫ રનથી હારી ગઈ હતી. કોલકતાનો પેસ બોલર ઉમેશ યાદવ (૪-૦-૩૪-૨) મૅન ઑફ ધ મૅચનો પુરસ્કાર જીત્યો હતો.

હૈદરાબાદના કૅપ્ટન ડેવિડ વૉર્નરે ફીલ્ડિંગ લેવાની ભૂલ કરીને કોલકતાને પહેલાં બૅટિંગ કરવાનું આમંત્રણ આપ્યું હતું અને ગૌતમ ગંભીર ઍન્ડ કંપનીએ ૭ વિકેટે ૧૬૭ રન બનાવ્યા હતા. એમાં રૉબિન ઉથપ્પાના ૩૦ રન, યુસુફ પઠાણના અણનમ ૩૦ રન, મનીષ પાંડેના ૩૩ રન અને ગંભીરના ૩૧ રનનો સમાવેશ હતો. ભુવનેશ્વર કુમાર અને કર્ણ શર્માએ બે-બે વિકેટ લીધી હતી, જ્યારે ડેલ સ્ટેનને ચાર ઓવરમાં એકેય વિકેટ નહોતી મળી.

હૈદરાબાદે ૧૬૮ રનના લક્ષ્યાંક સામે જબરદસ્ત ધબડકા સાથે દાવની શરૂઆત કરી હતી. કોલકતાના ઉમેશ યાદવે પહેલી જ ઓવરમાં ડેવિડ વૉર્નર (૪) અને વિકેટકીપર નમન ઓઝા (૦)ની વિકેટ લીધી હતી. તેણે બન્નેને ક્લીન બોલ્ડ કર્યા હતા. માત્ર ૬ રનના ટોટલમાં જોવા પડેલા આ બે આચકાને લીધે હૈદરાબાદની ટીમ ખૂબ પ્રેશરમાં આવી ગઈ હતી. ૬૯ રનમાં ટીમની છ વિકેટ પડી ચૂકી હતી. આ ટીમ છેક સુધી પહેલી બે વિકેટના આઘાતમાંથી બહાર નહોતી આવી અને છેવટે ૩૫ રનના માર્જિનથી હારી બેઠી હતી.

૪૪ વર્ષના સ્પિનર બ્રૅડ હૉગે ૧૭ રનમાં બે વિકેટ લીધી હતી, જ્યારે ઍન્ડ્રે રસેલ, યોહાન બોથા અને પીયૂષ ચાવલાને એક-એક વિકેટ મળી હતી.

ઈડન ગાર્ડન્સમાં સારો રેકૉર્ડ ધરાવતી કોલકતાની ટીમ હવે આ સ્થળે ૭ મેએ દિલ્હી સામે અને ૧૦ મેએ પંજાબ સામે રમશે. હૈદરાબાદની આગામી મૅચ આવતી કાલે (ગુરુવારે) બ્રેબૉર્ન સ્ટેડિયમમાં રાજસ્થાન સામે છે. ■



▶▶ **ઍથ્લેટ' ઓઇન મૉર્ગનઃ** *સોમવારે મનીષ પાંડેના એક શૉટમાં બૉલ સાથે બાઉન્ડરી લાઇન પાર કરતાં પહેલાં ઉછળીને બૉલ અંદર ફેંકીને અફલાતૂન ફીલ્ડિંગનું પ્રદર્શન કરી રહેલો સનરાઇઝર્સ હૈદરાબાદનો ઓઇન મૉર્ગન.*

કઈ ટીમ કેટલા પાણીમાં?

ટીમ	મૅચ	જીત	હાર	અનિર્ણીત	પૉઇન્ટ	રનરેટ
ચેન્નઈ સુપર કિંગ્સ	૧૦	૭	૩	૦	૧૪	+૦.૯૪૮
રાજસ્થાન રૉયલ્સ	૧૧	૬	૩	૨	૧૪	+૦.૧૪૧
કોલકતા નાઇટ રાઇડર્સ	૧૦	૫	૪	૧	૧૧	+૦.૩૬૭
રૉયલ ચૅલેન્જર્સ બૅંગલોર	૯	૪	૪	૧	૯	+૦.૨૮૫
દિલ્હી ડેરડેવિલ્સ	૯	૪	૫	૦	૮	-૦.૦૯૬
સનરાઇઝર્સ હૈદરાબાદ	૯	૪	૫	૦	૮	-૦.૧૩૨
મુંબઈ ઇન્ડિયન્સ	૯	૪	૫	૦	૮	-૦.૨૫૨
કિંગ્સ ઇલેવન પંજાબ	૯	૨	૭	૦	૪	-૧.૨૭૮

નોંધઃ (૧) દરેક ટીમ કુલ ૧૪ લીગ મૅચ રમશે. (૨) આ ટેબલ ગઈ કાલની મુંબઈ-દિલ્હીની મૅચ પહેલાંનું છે.

આઈપીએલ ૨૦૧૫ના ટોચના પાંચ પ્લેયર

બૅટિંગ

પ્લેયર	ટીમ	ઇનિંગ્સ	રન	ફોર	સિક્સર
રહાણે	રાજસ્થાન	૯	૪૩૦	૪૦	૧૧
વૉર્નર	હૈદરાબાદ	૯	૩૮૨	૪૭	૧૪
મૅક્લમ	ચેન્નઈ	૧૦	૩૧૫	૩૯	૧૮
વિરાટ	બૅંગલોર	૯	૩૦૩	૨૦	૧૩
રોહિત	મુંબઈ	૯	૨૯૭	૨૬	૧૩

બોલિંગ

પ્લેયર	ટીમ	ઇનિંગ્સ	વિકેટ	બેસ્ટ	ઇકોનોમી
નેહરા	ચેન્નઈ	૧૦	૧૭	૪/૧૦	૬.૫૨
બ્રાવો	ચેન્નઈ	૧૦	૧૬	૩/૨૨	૭.૫૭
તાહિર	દિલ્હી	૮	૧૩	૪/૨૮	૮.૩૧
ભુવનેશ્વર	હૈદરાબાદ	૯	૧૩	૩/૨૬	૭.૨૯
મલિન્ગા	મુંબઈ	૯	૧૩	૪/૨૩	૮.૦૦

નોંધઃ તમામ આંકડા ગઈ કાલની મુંબઈ-દિલ્હીની મૅચ પહેલાંના છે.

ઉથપ્પાની ઈનિંગ્સ દરમિયાન ઉષા ઉથુપની ધમાલ

સોમવારે ઈડન ગાર્ડન્સમાં કોલકતાની ટીમને સપોર્ટ કરી રહેલા પ્રેક્ષકોની વચ્ચે જાણીતી સિંગર ઉષા ઉથુપ. તેની હાજરીથી લોકો જોશમાં આવીને ઓપનર રૉબિન ઉથપ્પાને ખૂબ ચિયર-અપ કરતા હતા. ઉથપ્પાએ ૨૭ બૉલમાં ૩૦ રન બનાવ્યા હતા. ■

ખભાની ઈજા છુપાવવા બદલ પૅક્યાઓ સામે કદાચ પગલાં લેવાશે

લાસ વેગસઃ રવિવારે અમેરિકાના અપરાજિત બૉક્સર ફ્લૉઇડ મેવેધર સામેની બૉક્સિંગની સ્પર્ધામાં ખૂબ સારું પર્ફોર્મ કરવા છતાં પરાજિત ઘોષિત થયેલા ફિલિપીન્સના મુક્કાબાજ મૅની પૅક્યાઓએ ખભાની ઈજા વિશેની જાણકારી છુપાવી એ બદલ સ્પર્ધાના અધિકારીઓ તેની સામે કદાચ શિસ્તભંગના પગલાં લેશે એવો અહેવાલ ગઈ કાલે મળ્યો હતો.

ચૅમ્પિયનશિપના અધિકારીઓની એવી દલીલ છે કે પૅક્યાઓને મેવેધર સામેના બાઉટ પહેલાં ખભામાં ઈજા હતી છતાં તેને કેમ ઈજામુક્તિનું સર્ટિફિકેટ મળ્યું એની તપાસ થવી જોઈએ.

પૅક્યાઓએ ૧૨માંથી મોટા ભાગના રાઉન્ડમાં મેવેધર પર પ્રભુત્વ જમાવ્યું હોવા છતાં ત્રણ જજની પૅનલે પૅક્યાઓને પરાજિત જાહેર કર્યો હતો.

ખુદ પૅક્યાઓએ બાઉટ પછી કહ્યું હતું કે હું ખભાની ઈજાને કારણે પૂરી ક્ષમતાથી નહોતો લડી શક્યો. ■